## રાષ્ટ્રપતિ દ્વારા નેશનલ રેન્કિંગ રિપોર્ટ -૨૦૧૯ જાહેર કરાયો

# દેશની TOP-100 યુનિવર્સિટીઓમાં ગુજરાતની માત્ર એક કૃષિ યુનિ.ને સ્થાન

અમદાવાદ,સોમવાર

કેન્દ્ર સરકાર દ્વારા દેશની શૈક્ષણિક સંસ્થાઓને રેન્કિંગ ૨૦૧૬થી નેશનલ ઈન્સ્ટિટ્યુટ રેન્કિંગ ફ્રેમવર્ક(એનઆઈઆરએફ)સ્કીમ શરૂ કરવામા આવી છે.જે અંતર્ગત આજે રાષ્ટ્રપતિ દ્વારા દિલ્હી ખાતે ૨૦૧૯ના નેશનલ રેન્કિંગ રીપોર્ટ જાહેર કરવામા આવ્યો હતો.જેમાં ઓવરઓલ રેન્કિંગ સાથે વિવિધ કેટેગરીમાં રેન્કિંગ જાહેર કરવામા આવ્યા છે.ઓવરઓલ રેન્કિંગમાં દેશની ટોપ ૧૦૦ શૈક્ષણિક સંસ્થામાં ગુજરાતની આઈઆઈટી ગાંધીનગર અને આણંદ એગ્રિકલ્ચર યુનિ.ને સ્થાન મળ્યુ છે.જ્યારે અન્ય એક પણ સરકારી કે ખાનગી યુનિ.ટોપ ૧૦૦મા આવી નથી.આમ ગુજરાતનુ ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ સુધરવાને બદલે કથળી રહ્યુ હોવાનું રીપોર્ટ પરથી સ્પષ્ટ લાગી રહ્યુ છે.

## ઓવરઓલ રેન્કિંગમાં ટોપ ૧૦૦માં IIT ગાંધીનગર, આણંદ કૃષિ યુનિ.નો રેન્ક : ગુજરાત યુનિ. સહિતની સરકારી યુનિ.ઓ સતત ત્રીજા વર્ષે બાકાત

કેન્દ્ર સરકારના એમએચઆરડી મંત્રાલય દ્વારા ૨૦૧૬થી શરૂ કરાયેલી નેશનલ રેન્કિંગ ફ્રેમવર્ક સ્કીમ અંતર્ગત દર વર્ષે યુનિ.ઓ,કોલેજો , ઈન્સ્ટિટ્યુટ સહિત દેશની શૈક્ષણિક સંસ્થાઓ પાસેથી અરજી મંગાવવામા આવે છે. આજે જાહેર કરાયેલા નેશનલ રેન્કિંગ રીપોર્ટ ૨૦૧૯ મુજબ ઓવરઓલ રેન્કિંગ સાથે, યુનિવર્સિટી, મેનેજમેન્ટ, આર્કિટેકચર, લૉ, મેડિકલ,ફાર્મસી અને એન્જિનિયરિંગ સહિતની વિવિધ કેટેગરીમાં રેન્કિંગ આપવામ આવ્યા છે.જેમાં ઓવરઓલ રેન્કિંગમાં ટોપ ૧૦૦ શૈક્ષણિક સંસ્થામાં આઈઆઈટી ગાંધીનગર ૪૭.૮૫સ્કોર સાથે ૫૧માં રેન્ક પર આવી છે અને આણંદ એગ્રિકલચર યુનિવર્સિટી ૪૧.૨૦સ્કોર સાથે ૯૬માં ક્રમે આવી છે.ગત વર્ષે દેશની ટોપ ૧૦૦ સંસ્થામાં ગુજરાતની એક પણ યુનિ.ન હતી ત્યારે આ વર્ષે માત્ર એક યુનિવર્સિટી આવી છે અને તે પણ એગ્રિકલ્ચર યુનિવર્સિટી. ગુજરાત યુનિવર્સિટી,એમ.એસ,યુનિ તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સહિતની રાજ્યની જુની અને નવી સહિતની એક પણ સરકારી સ્ટેટ યુનિવર્સિટી ટોપ ૧૦૦માં આવી નથી.વોકેશનલ યુનિ.થીમાંડી એક પણ ફિલ્ડ યુનિ.એ પણ સ્થાન મેળવ્યુ નથી.

બીજી બાજુ નિરમા,પીડીપીયુ અને ડીએઆઈઆઈસીટી સહિતની જાણીતી ગણવામા આવતી મોટી ખાનગી યુનિવર્સિટીઓ પણ ઓવરઓલ ટોપ ૧૦૦ રેન્કિંગમાં સ્થાન પામી નથી. કેટેગરી વાઈઝ રેન્કિંગમા યુનિવર્સિટી રેન્કિંગમાં આણંદ એગ્રિક્લચર યુનિ. ૬૭માં રેન્ક પર છે . આમ યુનિવર્સિટી રેન્કિંગમા પણ એગ્રિક્લચર યુનિ.ને બાદ કરતા એક પણ યુનિ.નથી.મહત્વનું છે કે રાજ્યમાં ૬૫ જેટલી યુનિવર્સિટીઓ છે ત્યારે એક માત્ર એક એગ્રિક્લચર યુનિ.ટોપ ૧૦૦માં સ્થાન મેળવે તે ખરેખર ગુજરાતના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણની ગુણવત્તા દર્શાવે છે.ગુજરાત સરકારે નેશનલ રેન્કિંગમાં રાજ્યની યુનિ.ઓ સ્થાન મેળવે તે માટે મોટા ઉપાડે આ વર્ષે સ્ટેટ રેટિંગ ફ્રેમવર્ક શરૂ કર્યુ છે તેમ છતાં પણ રાજ્યની એક પણ ખાનગી કે સરકારી વોકેશનલ અને પ્રોફેશનલ સ્ટેટ યુનિવર્સિટી ટોપ-૧૦૦માં આવી નથી. કોલેજના રેન્કિંગમાં ગુજરાતની બે કોલેજો ટોપ -૧૦૦માં છે જ્યારે એન્જિનિયિરિંગ ઈન્સ્ટિ.રેન્કિંગમાં આઈઆઈટી ગાંધીનગર ,એસવીઆઈટી,ડીએઆઈઆઈસીટી,નિરમા યુનિ.અને એમ.એસ.યુનિ.ટોપ ૧૦૦માં છે. લૉ કેટેગરીમાં ગાંધીનગર નેશનલ લૉ યુનિ.ટોપ ૧૫માં ૯મા ક્રમે આવી છે અને આર્કિટેકચર તથા મેડિકલ સહિતની કેટેગરીમાંથી સતત ચોથા વર્ષે રાજ્યની એક પણ કોલેજ કે ઈન્સ્ટિટ્યુટ નથી.ફાર્મસી ઈન્સ્ટિ.રેન્કિંગ કેટેગરીમાં ગાંધીનગરની નાયપર સંસ્થા ૯મા ક્રમ છે અને કુલ ૬ સંસ્થા ટોપ ૧૦૦માં આવી છે. મેનેજમેન્ટ ઈન્સ્ટિ.રેન્કિંગમાં અમદાવાદની આઈઆઈએમ-એ ટોપ ૭૫ રેન્કિંગમાં બીજા ક્રમે આવી છે.

### ઓવરઓલ રેન્કિંગમાં ગુજરાત યુનિ.૧૬૪થી૧૧૨માં ક્રમે આવી

નેશનલ રેન્કિંગ રીપોર્ટ-૨૦૧૯માં ઓવરઓલ રેન્કિંગમાં ગુજરાત યનિવર્સિટી ગત વર્ષએ ૧૬૪મા ક્રમે હતી જે આ વર્ષે ૧૧૨મા ક્રમે આવી છે.રાજ્યની સૌથી જુની એવી ગુજરાત યુનિવર્સિટી ઓવરઓલ રેન્કિંગમા તો ઉપર આવી છે પરંતુ યુનિવર્સિટી રેન્કિંગમાં પાછળ ધકેલાઈ છે.યુનિવર્સિટી રેન્કિંગમાં ગત વર્ષે ગુજરાત યુનિવર્સિટી ૧૧૧માં ક્રમે હતી ત્યારે આ વર્ષે ૧૧૫મા ક્રમે છે. જો કે ગુજરાત યુનિવર્સિટી અન્ય તમામ સરકારી યુનિ.ઓ અને પ્રાઈવેટ યુનિ.ઓ કરતા ૨૦૧૯ના રીપોર્ટમાં આગળ રહી છે. ઓવરઓલ રેન્કિગ અને યુનિવર્સિટી રેન્કિંગ બંનેમાં નિરમા,પીડીપીયુ તથા ડીએઆઈઆઈસીટી અને નિરમા યુનિ.સહિતની યુનિ.ઓ ખૂબ જ પાછળ જ્યારે પ્રથમવાર રેન્કિંગ માટે અરજી કરનાર રાજ્યની સૌથી મોટી સરકારી ટેકનિકલ યુનિ.એવી જીટીયુ તો ઓવરઓલ રેન્કિંગમા અને યુનિવર્સિટી રેન્કિંગમા ટોપ ૨૦૦માં પણ સ્થાન મેળવી શકી નથી.

## યુનિ.ના છબરડાનો ઉત્તમ નમૂનો

# અગાઉની પરીક્ષામાં કોર્સ બહારનું પુછાતા આજે એમ.એની પરીક્ષા ફરીથી લેવાશે

અમદાવાદ,સોમવાર

ગુજરાત યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ દ્વારા થતા વારવારના છબરડા અને ગોટાળનો વધુ એક ઉત્તમ નમૂનો સામે આવ્યો છે.યુનિ.દ્વારા તાજેતરમાં લેવાયેલી એમ.એની પરીક્ષામાં ઈકોનોમિક્સના વિષયમાં કોર્સ બહારનુ પુછાયુ હોવાનું સાબીત થયુ છે અને જેને પગલે આવતીકાલે ૯મીએ તમામ વિદ્યાર્થીઓની પરીક્ષા ફરીથી લેવાશે.

ગુજરાત યુનિ.દ્વારા હાલ યુજી-પીજીના વિવિધ સેમેસ્ટરની પરીક્ષાઓ ચાલી રહી છે જેમાં એમ.એ સેમેસ્ટર-ની પરીક્ષામાં તાજેતરમાં [illegible] સાબીત થતા અંતે ફરીથી પરીક્ષા લેવાનાર છે.આવતીકાલે ૯મીએ આ વિષયની ફરીથી પરીક્ષા લેવામા આવશે.

૪૦૦થી વધુ વિદ્યાર્થીઓની અગાઉની પરીક્ષા રદ ગણાશે અને ફરીથી પરીક્ષા લેવાશે.આવતીકાલે યુનિ.કેમ્પસમાં કે.એસ.સ્કૂલ ખાતે બપોરના ૧૨થી ૨:૩૦ દરમિયાન પરીક્ષા લેવાશે.વિદ્યાર્થીઓએ ફરીથી રીસિપ્ટ લેવાની જરૂર નથી.અગાઉની પરીક્ષા રિસિપ્ટ જ માન્ય ગણાશે અને જેના આધારે એન્ટ્રી મળશે.